સુવિચાર : જ્યારે આપણી વચ્ચે 'હું' અને 'તુ' નહીં રહે ત્યારે મંદિર મસ્જિદ અને દેવળ બધું જ સમાન થઇ જશે - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૯ | ૨૮ જૂન, ૨૦૧૫, રવિવાર ; અધિક અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# મનપા દ્વારા ૩૦ લાખના ખર્ચે મિલ્કતોનો રિસર્વે

## રિસર્વેની કામગીરી ઓગષ્ટમાં આરંભાશે : આ કામગીરી માટેના ટેન્ડર જારી કરી દેવાયા છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓગષ્ટ માસમાં મિલ્કતવેરાની નવી આકારણી માટેના રિસર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા રિસર્વેની કામગીરી માટે ઈ-ટેન્ડરીંગ દ્વારા ભાવ-પત્રકો માંગવામાં આવ્યા છે. આ કામગીરી સંપન્ન થયા બાદ એજન્સીઓ સાથે નેગોશિએશન બીડીંગની પ્રક્રિયા તેમજ ક્વોલીફીકેશનની ચકાસણી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં ૫૦ હજારથી વધુ ખાનગી મિલ્કતો છે તેમજ સરકારી વસાહતો અને નવા સંકુલો પણ અસ્તિત્વમાં આવ્યા છે. ચાર વર્ષે નવેસરથી ચકાસણી કરવામાં આવતી હોય છે.

૨૦૧૦માં મનપાના અસ્તિત્વની સાથે જ મિલ્કતવેરો લાદવામાં આવ્યો હતો. ૨૦૧૧થી અમલી બનેલ આ વેરાની નવેસરથી આકારણી કરવાની થતી હોવાથી બજેટમાં જ આ માટે રૂ. ૩૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઓગષ્ટના પ્રથમ યા બીજા સપ્તાહ સુધીમાં એજન્સી નિયત કરાયા બાદ રિસર્વેની કામગીરી કરવામાં આવશે. આ રિસર્વેની કામગીરીમાં આધુનિક ટેકનોલોજીનો પણ ઉપીયોગ કરાશે તેમજ રિસર્વેની તમામ વિગતો કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવશે.

નગરમાં ઘણી બધી મિલ્કતોમાં ફેરફાર થયા છે તેમજ નવી મિલ્કતો પણ બની છે આ બધી જ હકીકતો રિસર્વેમાં આવશે.

રિસર્વે માટે એક અલાયદુ વિગતો દર્શાવતુ ફોર્મ પણ તૈયાર કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે હવે બી.યુ. પરમિશન સહિતની કામગીરી તંત્ર પાસે હોવાથી રિસર્વેની કામગીરી કરવામાં બે થી ત્રણ માસ જેટલો સમય લાગશે.



છત્રી બજાર ખુલ્યુ - મોસમનો પહેલો જ વરસાદ ધમાકેદાર થતાં છત્રી બજાર અચાનક જ તેજીમાં આવી ગયું છે... આજકાલ શાળાએ જતા બાળકોને કે કચેરીએ જતી મહિલાઓની રંગબેરંગી છત્રીઓ નાની સાઈઝમાં પસંદ પડે છે... નાજુક છત્રીઓની સાથે સાથે નાના-મોટા આકાર અને ચહેરાની કૃતિઓ ધરાવતી છત્રીઓ પણ બાળકો માટે આકર્ષક બની છે... નગરના માર્ગો પર અનેક સ્થાનો પર છત્રીઓ લઈને બેસતા ફેરીયાઓ રીક્ષા કે મોટરબાઈક પર ધંધો કરે છે... સીઝનેબલ ધંધામાં સમય અને સ્થળ અનિશ્ચિત હોવા છતાં ધંધાની મજા પણ છે... થોડા સમયમાં વધારે વેચાણ કરવાનું કૌશલ્ય સીઝનબેલ વ્યવસાયમાં જોવા મળે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સિવિલ સંકુલમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના છ સ્થાનોથી પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના ૬ જેટલા સ્થાનોએથી પોરા મળી આવ્યા છે

ગાંધીનગર મહાનગરપાલિકાના આસિ. એન્ટોમોલોજીસ્ટ શ્રી નંદુભાઈ પટેલ, જિલ્લા મેલેરિયા અધિકારીની ટીમોએ પી.આઈ.યુ.ના સુપરવાઈઝર સાથે રાખી કરેલી તપાસમાં આ હકીકત બહાર આવી છે.


આસિ. એન્ટોમોલોજીસ્ટ શ્રી પટેલના જણાવ્યાનુસાર આ સ્થાનોએ તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી જરૂરી સ્વચ્છતા રાખવા માટેની સૂચનાઓ પણ આપી હતી.

**૨૦૯૫ જેટલા શહેરના ખાડા અને ખાબોચિયાઓમાં આજે તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી કરાઈ**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના મળેલા પોરાને લઈ હોસ્પિટલનું તંત્ર પણ હરકતમાં આવ્યું છે. અગાઉ ગાંધીનગર સિવિલની મુલાકાત લો અને મેલેરિયાની ગિફટ મેળવો તેવા અખબારી અહેવાલો પ્રકાશિત થયા હતા જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન આજે ગાંધીનગર મહાનગરપાલિકાની મેલેરિયા ટીમે ચોમાસાના પ્રથમ વરસાદ પછી શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર તેમજ સ્લમ વિસ્તારમાં ૨૦૯૫ જેટલા સ્થાનો પરના ખાડાઓમાં ભરાઈ રહેલા પાણીમાં ઓઈલનો છંટકાવ સહિત એન્ટી લારવેલની સઘન કામગીરી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર



સાબરમતી બે-કાંઠે - ભારે વરસાદના પગલે અમદાવાદના વાસણા બેરેજના દરવાજા ખોલાતા સાબરમતી છલકાઈ હતી... ચોમાસાની શરૂઆતમાં જ નદીના નયનમ્ય દશ્યોએ શહેરીજનોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# બદ્રીનાથમાં તમામ ગુજરાતી શ્રદ્ધાળુ સલામત

## તમામ ગુજરાતી શ્રદ્ધાળુને ખોરાક-પાણી તથા કામચલાઉ રહેવાની તમામ જરૂરી સુવિધાઓ હાલ અપાઈ રહી છે

અમદાવાદ, તા.૨૭

ઉત્તરાખંડના ચમોલી જીલ્લામાં બદ્રીનાથ જવાના માર્ગ પરનો પુલ તુટી પડવાની ઘટનાને કારણે અન્ય રાજ્યોના યાત્રાળુઓ સહિત ગુજરાતના યાત્રાળુઓ ફસાયા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સતત દેખરેખ અને સુચના હેઠળ રાજયના સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા દેહરાદ્રન સ્થિત કંટ્રોલ રૂમ અને ચમોલીના જીલ્લા મેજિસ્ટ્રેટ અશોકકુમારનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. તેમજ ફોન નં ( ૦૭૫૭૯૧૧૫૯૭૨) પરથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર તમામ યાત્રાળુઓ સુરક્ષિત છે અને તેમને ખોરાક, પાણી તેમજ કામચલાઉ રહેવા સાથેની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. દરમિયાન આજે હેલિકોપ્ટર્સે ૨૫થી વધુ હવાઈ ફેરા કરીને યાત્રાળુઓને જોશીમઠ પહોંચાડ્યા છે. એવું અનુમાન છે કે ૯૦૦૦થી વધુ યાત્રાળુઓ બદ્રીનાથ ગોંવિદનાથ પાડુકેશ્વર વિષ્ણુપ્રયાગ અને જોશીનાથ ખાતે છે.

ફસાયેલા ગુજરાતીઓની સંખ્યા બાબતની માહિતી ઉત્તરાખંડ ખાતેના કંટ્રોલ રૂમ પરથી હજુ મળી શકી નથી. ગાંધીનગર સ્થિત સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા ઉત્તરાખંડમાં કાર્યરત કંટ્રોલ રૂમના નાયબ સચિવ સંતોષ બદોની સાથે ફોન (૦૮૪૭૫૦૦૧૬૫૬) અને (૦૧૩૫૨૭૧૦૩૩૪) પર વાત કરવામાં આવી હતી. પુલ અને રોડની મરામતની કામગીરી ચાલી રહી છે. હેલિકોપ્ટર્સની હવાઈ ફેરીઓ આવતીકાલે સવારે કાર્યરત થશે. તમામ મુસાફરોને આવતીકાલે સાંજ સુધીમાં લાવવામાં આવશે એવી ઉત્તરાખંડના સત્તાધિશોને આશા છે. દરમિયાન સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા ઉત્તરાખંડ ખાતે સતત સંપર્ક સાધવામાં આવી રહ્યો છે.

રાહત નિયામક બીપીનભાઈ ભટ્ટના જણાવ્યા પ્રમાણે બદ્રીનાથથી પાછા ફરી રહેલા પી જી વી સી એલના કર્મચારી બીપીનભાઈ જોશીનો સંપર્ક સાધતા જાણવા મળ્યું છે કે, સુરતના ૧૪ જેટલા પર્યટકો સલામત છે. પચાસેક જેટલા ગુજરાતીઓ બદ્રીનાથ વિસ્તારમાં સલામત સ્થળે છે. આમ, ઉતરાખંડનો સતત સંપર્ક સાધીને પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને રાહત બચાવ સંદર્ભની જરૂરી તમામ કામગીરી માટે તંત્ર સતત સજજ છે તેમ પણ રાહત નિયામકએ જણાવ્યું છે.

4BHK લક્ઝુરીયસ બંગલોઝ
પોશ અને શ્રેષ્ઠ વિસ્તારમાં



દિવ્યપુંજ બંગલોઝ
રેડી પઝેશન
B.U પરમીશન
દરેક બંગલાની અંદર જીમનેશ્યમ, હોમથીયેટર, વોટર ફોલની સુવિધા સાથે.
સેમ્પલ હાઉસની મુલાકાત લો.
આપના ઘરનું સ્વપ્ન સાકાર કરો.
સવિતા ગ્રીન પાર્ટીપ્લોટની બાજુમાં,
વિસત- ગાંધીનગર રોડ, અમદાવાદ
9879036060

VILD'S SPEAK SMART
Viha's Institute of Language Development
LEARNING ENGLISH HAS NEVER SO MUCH FUN!
• Phonetics and Semantics • Pronunciation
• Grammar skills • Recitation • Vocabulary
• Articulation • Creative Writing
Teaching via visual aids, fun games, pictorial learning, story building, poetry appreciation and expressions.
Batches :
Little Blossoms : Age 5-7
Tender Blossoms : Age 6-10
Budding Blossoms : Age 10 onwards
Creative Writing : Age 10 onwards
Act out : Age 5 onwards
Professionals
Venue :
Mini Miracles, 'BRAR HOUSE', Plot no. 466, Sector 1, Gandhinagar



Contact:
Amrapali Vyas
9726700255
Amrapalivyas@yahoo.in

સ્ટીલ કબાટ વેચવાના છે
સ્ટુડન્ટસ હોસ્ટેલ માટે અનુકૂળ સ્ટીલ કબાટ વેચવાના છે.
સંપર્ક
૯૦૩૩૦૦૪૨૬૪

જોખમ નહીં,
નિરાંતની અનુભૂતિ...
સારા ભાડુઆત કે
સારા મિલકત માલિક
શોધવા એટલે
આકાશ-પાતાળ
એક કરવા જેવું કામ...
અમે ભાડુઆત અને મિલકત માલિક
વચ્ચેનો ભરોસો છીએ,
અમે પરફેક્ટ મેચમેકર છીએ...
RENTAL
The Property Shop
we rent reliability
Call : 98980 29451 | 97236 71067 | 93288 32910
૨૦૩, બીજો માળ, સિદ્ધરાજ ઝાવોડ, ખ-૦ નજીક, એસ. જી. હાઈવે, ગાંધીનગર
tps theproprtyshop.in

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

ફ્લેટ વેચવાનો છે
1 BHK / 2 BHK
રેડી પઝેશન, પ્રાઈમ લોકેશન, આસ્થા-૨ મોટા ચિલોડા પાસે, ગાંધીનગર
સંપર્ક
૯૪૨૯૯ ૦૦૫૬૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર